RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 202, Dt.13-11-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## ઘર એક સપનું હોય છે, તે તોડી શકાય નહીં: સુપ્રીમ

### સુપ્રીમ કોર્ટે બુલડોઝરની કાર્યવાહી પર પ્રતિબંધ મૂક્યો: કોર્ટે કહ્યું કે કોઈનું ઘર મનસ્વી રીતે તોડી શકાય નહીં: માત્ર આરોપી હોવાના કારણે કોઈનું ઘર તોડી ન શકાય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બુલડોઝરની કાર્યવાહી દ્વારા આડેધડ રીતે લોકોના મકાનો તોડવામાં આવી રહ્યા હતા. આ મામલે સુપ્રીમ કોર્ટે જમીયત ઉલેમા એ હિન્દ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ચુકાદો આપતાં મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. જસ્ટિસ ગવઈએ કહ્યું કે પોતાનું ઘર લોકો માટે એક સપનું હોય છે, તે તૂટવું ના જોઈએ. ગુનાખોરીની સજારૂપે લોકોનું ઘર તોડી પાડવું એ ક્યાંનો ન્યાય? લોકતંત્ર સિદ્ધાંતો અંગે પણ વિચારવા જોઈએ. કોઈનું ઘર એટલા માટે તોડી પાડવું કે તે દોષિત છે તે યોગ્ય નથી. આ ચુકાદાથી સૌથી મોટો ઝટકો ભાજપના દિગ્ગજ નેતા અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને લાગ્યો છે. લોકતંત્રમાં નાગરિકોના અધિકારોની રક્ષા થવી જ જોઈએ. સરકારની સત્તાનો દુરુપયોગ ન થવો જોઈએ. કાયદાને ધ્યાનમાં રાખીને જ સરકારે કામગીરી કરવી જોઈએ. અમે તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ આ ફરમાન સંભળાવી રહ્યા છીએ. અમે નિષ્ણાતોના સૂચનોને પણ ધ્યાનમાં લીધા છે. કોઈપણ પ્રકારનો કેસ ચલાવ્યા વિના આ કેવી રીતે સજા કહેવાય. સરકાર આવુ ના



કરી શકે. કાયદો વ્યવસ્થા જાળવવી એ રાજ્યની જવાબદારી. સરકાર દ્વારા મનમુજબની કાર્યવાહી ન કરી શકાય. આરોપી સામે પૂર્વાગ્રહને ધ્યાનમાં રાખી કાર્યવાહી ન થવી જોઈએ. કોર્ટે કહ્યું કે, કાયદાનું શાસન હોવું જોઈએ. બુલડોઝર એક્શન ભેદભાવપૂર્ણ ન હોય શકે. ખોટી રીતે ઘર તોડવા પર વળતર મળવું જોઈએ. જવાબદાર અધિકારીઓને છોડવામાં નહીં આવે. અમે તમામ પક્ષને સાંભળ્યા બાદ આદેશ કર્યો છે. અમે નિષ્ણાંતોની સલાહ પર પણ વિચાર કર્યો છે. આરોપી એક હોય તો સજા આખા પરિવારને કેમ આપવી? કોઈને પણ કાર્યવાહી કરતાં પહેલા એનો પક્ષ રજૂ કરવાની તક આપવી જોઈએ.

## ઝારખંડની ૪૩ તેમજ ૧૧ રાજયોની ૩૩ વિધાનસભા બેઠકો પર ઉત્સાહભર્યુ મતદાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ૨૦૨૪ની અંતિમ અને મહત્વપૂર્ણ છે. ચુંટણીના પ્રથમ તબક્કામાં આજે ઝારખંડ વિધાનસભાની ૮૧માંથી ૪૩ અને વાયનાડ લોકસભા બેઠક ઉપરાંત ગુજરાતની વાવ સહિત ૩૧ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે મતદાનનો પ્રારંભ થયો છે. ખાસ કરીને લોકસભા ચુંટણીમાં ભાજપને જે રીતે અપેક્ષિત બેઠકો અને ખુદની બહુમતી ન મળ્યા બાદ પણ હરિયાણામાં ફતેહ મેળવી તે પછી ફરી એક વખત આજના મતદાન ઉપરાંત તા.૨૦ના યોજાનારા બીજા તબક્કાના ઝારખંડ અને ખાસ કરીને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના મતદાન પુર્વે જબરો રાજકીય ગરમી સર્જાઈ હતી. જયારે વાયનાડ લોકસભા બેઠક જે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાયબરેલી પણ જીતતા વાયનાડ બેઠક ખાલી કરી હતી અને તે બેઠક પર હવે તેમના બહેન અને કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી ચૂંટણી લડી રહ્યા છે તો ગુજરાતમાં નવાવથ ધારાસભા બેઠકના પ્રતિષ્ઠાભર્યા જંગમાં પણ મતદાન છે સાથે પશ્ચીમ બંગાળની છ રાજસ્થાનની સાત અને આસામની પાંચ કર્ણાટકની ત્રણ, મધ્યપ્રદેશની બે, છતીસગઢ, કેરળ તથા મેઘાલયની એક એક ધારાસભા બેઠક પર પેટાચુંટણીનું મતદાન યોજાઈ રહ્યુ છે.

## કાશ્મીર ખીણ અને હિમાચલમાં પહાડીઓ પર હિમવર્ષાના કારણે રસ્તાઓ બંધ : પ્રવાસીઓ રાતભર ફસાયા

**મુખ્ય સમાચાર,જમ્મુ**

કાશ્મીર ખીણમાં ભારે હિમવર્ષાના કારણે ગુરેઝ-બાંદિપોરા હાઈવે સહિત ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા હતા, જેના કારણે ઘણા પ્રવાસીઓ કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. હિમવર્ષાના કારણે હિમાચલના પાંગીનો રસ્તો બંધ કરવો પડ્યો હતો. જેના કારણે માર્ગમાં મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા હતા અને પ્રવાસીઓને વાહનોમાં જ રાત વિતાવવી પડી હતી.



જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં પહાડીઓ પર વરસાદ અને હિમવર્ષાને કારણે લોકોની મુશ્કેલીઓ વધી છે. કાશ્મીર ખીણમાં ભારે હિમવર્ષાના કારણે ગુરેઝ-બાંદિપોરા હાઈવે સહિત ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા હતા, જેના કારણે ઘણા પ્રવાસીઓ કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. હિમવર્ષાના કારણે હિમાચલના પાંગીનો રસ્તો બંધ કરવો પડ્યો હતો. જેના કારણે માર્ગમાં મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા હતા અને પ્રવાસીઓને વાહનોમાં જ રાત વિતાવવી પડી હતી.

જમ્મુ-કાશ્મીરમાં ગુરેઝ-બાંદિપોરા હાઈવે ખોલવા માટે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનની ટીમ બરફ હટાવવા માટે મશીનરી સાથે વ્યસ્ત રહી. કલાકોની જહેમત બાદ શ્રીનગર-લેહ હાઈવે પર વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો. કાશ્મીરના શોપિયાં જિલ્લાને રાજૌરી અને પૂંચ સાથે જોડતા મુગલ રોડ પર મંગળવારે બપોરે ૨ વાગ્યે ૧૯ કલાક પછી વાહનોની અવરજવર શરૂ થઈ શકે છે.

## GSTમાં એક સાથે છેલ્લા ત્રણ વર્ષની આપેલી નોટિસ માન્ય નહીં ગણાય

### કર્ણાટક હાઈકોર્ટમાં પિટિશનમાં વેપારીની તરફેણમાં ચુકાદો : દેશમાં એક સાથે ત્રણ વર્ષની નોટિસ આપવા મુદે વિવાદ પણ સર્જાયો હતો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જીએસટી એસેસમેન્ટની કામગીરી દરમિયાન અધિકારીઓ દ્વારા એક સાથે પાછલા ત્રણ વર્ષની વેપારીઓને નોટિસ આપી દેવામાં આવી હતી. નિયમ પ્રમાણે એક સાથે છેલ્લા ત્રણ વર્ષની નોટિસ આપી શકાય નહીં તેમ છતાં અધિકારીઓ દ્વારા મનમાની રીતે કરવામાં આવેલી કાર્યવાહી સામે કર્ણાટક હાઈકોર્ટમાં વેપારીને રીટ પીટીશન કરી હતી. તેમાં એક સાથે આપવામાં આવેલી નોટિસ રદ કરવાનો આદેશ કર્ણાટક હાઈકોર્ટે કર્યો છે.

ગુજરાતના જીએસટી અધિકારીઓએ પણ આજ પ્રમાણે એક સાથે વેપારીઓને છેલ્લા ત્રણ વર્ષની નોટિસ ફટકારી હતી. હજારોની સંખ્યામાં વેપારીઓને આપવામાં આવેલી નોટિસ મુદે વિવાદ પણ સર્જાયો હતો. કારણ કે એસેમેન્ટના વર્ષ પ્રમાણે તારીખ પણ નક્કી કરવામાં આવી હતી. તે સમયગાળામાં જ નોટિસ આપી દેવાની હોય છે. પરંતુ અધિકારીઓની આળસને કારણે સમયમર્યાદા પૂર્ણ થવાના એકાદ બે દિવસ બાકી હતા ત્યારે એક સાથે પાછલા ત્રણ વર્ષની નોટિસ ફટકારી હતી. આ મુદે ચીમની હિલ્સ એજ્યુકેશન સોસાયટી દ્વારા કર્ણાટક હાઈકોર્ટમાં રીટ પીટીશન કરવામાં આવી હતી. તેમાં કર્ણાટક હાઈકોર્ટે




એક સાથે આપવામાં આવેલી નોટિસ રદ કરવાનો આદેશ કર્યો છે. આ આદેશ કરતાની સાથે જ હજ્જારોની સંખ્યામાં વેપારીઓને આપવામાં આવેલી નોટિસ રદ થતા હાશકારો થયો છે.

તેમાં પણ ખાસ કરીને સુરતના વેપારીઓને ગુજરાત જીએસટીના અધિકારીઓની સાથે સાથે મુંબઈના જીએસટી અધિકારીઓએ પણ નોટિસ ફટકારી હતી. હવે કર્ણાટક હાઈકોર્ટે નોટિસ રદ કરવાનો આદેશ કરતા વેપારીઓએ નોટિસના જવાબ આપવામાંથી રાહત થવાની છે. જોકે અધિકારીઓએ સમયમર્યાદામાં કામગીરી પુરી કરી નહીં હોવાના લીધે જ આ સમસ્યા ઉભી થઈ હોવાની જે તે સમયે વ્યાપક ફરીયાદ ઉઠી હતી. જોકે કર્ણાટક હાઈકોર્ટે આપેલા ચુકાદા બાદ અધિકારીઓએ દાખવેલી આળસ બદલે કેવી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે તે પણ જોવુ રહ્યું.

જીએસટી અંગે વેપારીઓને વારવાર કંનડગત કરાઈ રહી છે. જે અંગે વ્યાપક ફરિયાદ ઉઠવા પામી છે. પરંતુ નાણામંત્રા લઈ દ્વારા કોઈ ચોકકસ પગલા નહીં લેવાતા વેપારીઓ નારાજ છે.


## ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ મહિલાઓમાં જન્મ નિયંત્રણ દવાઓની માંગ વધી

### મહિલાઓને ગર્ભપાત અધિકાર છીનવાઈ જવાનો ડર: ૧૦૦૦% સુધી વધ્યું વેચાણ

**મુખ્ય સમાચાર,અમેરીકા**

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ મહિલાઓમાં જન્મ નિયંત્રણ ગોળીઓ એટલે કે ગર્ભનિરોધક દવાઓની માંગ વધી છે. આ સિવાય ઈમરજન્સી ગર્ભનિરોધક દવાઓની માંગ પણ ઝડપથી વધી રહી છે.અમેરિકન અખબાર યુએસએ ટુડેના અહેવાલ અનુસાર, આ દવાઓ બનાવતી કંપની વિસ્પે કહ્યું કે ૫ અને ૭ નવેમ્બરની વચ્ચે, ઈમરજન્સી ગર્ભનિરોધક દવાઓના વેચાણમાં ૧૦૦૦% વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, આ દવાઓ ખરીદનારા લોકોની સંખ્યામાં ૧૬૫૦%નો વધારો થયો છે. આ સિવાય ગર્ભપાતની દવાઓના વેચાણમાં પણ ૬૦૦%નો વધારો થયો છે.વાસ્તવમાં ટ્રમ્પ ચૂંટણી જીત્યા બાદ મહિલાઓને ડર છે કે તેમના ગર્ભપાતના અધિકારો વધુ કડક બનશે.

વર્ષ ૨૦૨૨ માં, યુએસ સુપ્રીમ કોર્ટે ગર્ભપાત અધિકારો નાબૂદ કરી દીધા હતા. તે સમયે ટ્રમ્પે આ નિર્ણયનું સમર્થન કર્યું હતું. હવે મહિલાઓને ડર છે કે ટ્રમ્પ સરકારના આગમનથી તેમના ગર્ભપાતના અધિકારો પર અસર પડી શકે છે.મતદાન પછીના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૫૦% થી વધુ મહિલાઓ ચિંતિત છે કે તેઓને સુરક્ષિત ગર્ભપાત અને સંબંધિત આરોગ્ય સેવાઓની ઍક્સેસ નહીં મળે. રિપોર્ટ અનુસાર, મહિલાઓ એવા રાજ્યોમાં જવાનું વિચારી રહી છે જ્યાં ગર્ભપાત સંબંધિત કાયદા સરળ છે. આ અંતર્ગત તેઓ ગર્ભપાત સંબંધિત સેવાઓ



સરળતાથી મેળવી શકશે.

દરમિયાન, ઘણી કંપનીઓ ટેલિમેડિસિન અને ઓનલાઈન સેવાઓ દ્વારા મહિલાઓને ઘરે બેઠાં જ જન્મ નિયંત્રણની ગોળીઓ પૂરી પાડી રહી છે.અમેરિકાના ઈતિહાસમાં ઘણી વખત ગર્ભપાત પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે : અમેરિકામાં ૧૮૮૦ સુધી ગર્ભપાત કાયદેસર હતો. અમેરિકામાં ૧૮૭૩માં ગર્ભપાતની દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૧૯૦૦ સુધીમાં, લગભગ તમામ રાજ્યોમાં ગર્ભપાત પર પ્રતિબંધ હતો.જ્યારે ગર્ભાવસ્થાના કારણે માતાનો જીવ જોખમમાં હોય ત્યારે જ ગર્ભપાત થઈ શકતો હતો. ૧૯૬૦ના દાયકામાં મહિલાઓએ તેમના અધિકારો માટે આંદોલન શરૂ કર્યું. ૧૯૬૯ માં, નોર્મા મેકકોર્વેએ ગર્ભપાત કાયદાને પડકાર્યો. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો અને ૧૯૭૩માં સુપ્રીમ કોર્ટે અમેરિકામાં ગર્ભપાતને કાયદેસર ઠેરવ્યો.

પરંતુ ૨૪ જૂન ૨૦૨૨ના રોજ યુએસ સુપ્રીમ કોર્ટે આ નિર્ણયને પલટી નાખ્યો હતો. આ પછી, ગર્ભપાત માટે મહિલાઓને આપવામાં આવતી બંધારણીય સુરક્ષા પણ સમાપ્ત થઈ ગઈ. તે સમયે ટ્રમ્પે આ નિર્ણયનું સમર્થન કર્યું હતું.

## કરોડોના હીરાને લઈને શાહી પરિવારમાં છેડાયો જંગ : મામલો હાઈકોર્ટમાં

**મુખ્ય સમાચાર,લંડન**

કતરના શાહી પરિવારના ૨ સભ્યો વચ્ચે એક કીંમતી હીરાને લઈને શરૂ થઈ ગયેલી લડાઈ હવે લંડનની કોર્ટમાં પહોંચી છે. શાસક શેખ તમામ બિદ હમદ અલ થાનીના પિતરાઈ ભાઈ શેખ હમદ બિન અબ્દુલ્લા થાની મશહુર આર્ટ સંગ્રાહક છે.

એમીરના પિતરાઈ ભાઈ તરફથી સંચાલિત એક કંપની ૭૦ કેરેટ રત્ન ખરીદના પોતાના કથિત અધિકારને લાગુ કરવાની કોશિશ કરી રહી છે.

કતરના શેખ તમીમ બિન હમદ અલ થાનીના પિતરાઈ ભાઈ શેખ હમદ બિન અબ્દુલ્લાની અલ થાની કંપની કયુઆઈઈપીસીઓ પાસે આઈડલ્સ આઈથ નામનો હીરો છે. આ હીરાની કિંમત લાખો ડોલરોમાં



છે.


આ હીરો તેમણે શેખ સાઉદ સાઉદને ઉધારમાં આપ્યો હતો કે જેઓ ૧૯૯૭ અને ૨૦૦૫ વચ્ચે કતરના સંસ્કૃતિ મંત્રી હતા. શેખ સાઉદની કંપની એલનેસ હોલ્ડીંગ્સે આ હીરો કયુઆઈપીપીઓને ઉધારમાં આપ્યો હતો. હીરો ઉધાર લેતા પહેલા તેમણે એક કોન્ટ્રાકટ હતો.

## વડાપ્રધાન મોદી G-20 સમિટમાં ભાગ લેવા બ્રાઝિલ જશે: નાઈજીરિયાની પણ મુલાકાત લેશે

### નરેન્દ્ર મોદી છ દિવસના વિદેશ પ્રવાસે જશે : વિદેશ મંત્રાલયે કાર્યક્રમ વિશે માહિતી જાહેર કરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આ વર્ષે બ્રાઝિલ G-20 સમિટનું આયોજન કરી રહ્યું છે. G-20 દેશોના ટોચના નેતાઓ રિયો ડી જાનેરો પહોંચશે. ભારત તરફથી આમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮-૧૯ નવેમ્બરે બ્રાઝિલની મુલાકાત લેશે. આ સિવાય પીએમ મોદી નાઈજીરિયા અને ગયાનાની પણ મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયે પીએમ મોદીના વિદેશ પ્રવાસ વિશે માહિતી આપી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બ્રાઝિલ પહેલા વડાપ્રધાન મોદી ૧૬-૧૭ નવેમ્બરે આફ્રિકન દેશ નાઈજીરિયાની મુલાકાત લેશે. નાઈજીરિયા બાદ પીએમ મોદી બ્રાઝિલ પહોંચશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે મોદીની નાઈજીરિયાની મુલાકાત ઘણી રીતે ખાસ છે કારણ કે ૧૭ વર્ષ પછી પહેલીવાર કોઈ ભારતીય વડાપ્રધાન આ આફ્રિકન વ્યક્તિની મુલાકાત લઈ રહ્યા છે. દેશ આ પછી પીએમ મોદી બ્રાઝિલમાં G-20 દેશોની સમિટમાં ભાગ લેશે. સમિટની બાજુમાં, અન્ય ઘણા વૈશ્વિક નેતાઓને મળવાના કાર્યક્રમો પણ છે. આ પછી, વડાપ્રધાન મોદી ૧૯-૨૧ નવેમ્બર સુધી દક્ષિણ અમેરિકન દેશ ગયાનાની સરકારી મુલાકાતે જશે. મોદીની ગયાનાની મુલાકાત ખાસ



છે કારણ કે ૧૯૬૮ પછી ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ મુલાકાત હશે. વિદેશ મંત્રાલય (MEA) એ મંગળવારે જણાવ્યું હતું કે ડખ મોદી G-20 સમિટ દરમિયાન ઘણા નેતાઓને મળવાની અપેક્ષા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે વડાપ્રધાન બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા દ્વારા આયોજિત G-20 સમિટમાં ભાગ લેશે. તમને જણાવી દઈએ કે ભારત બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની સાથે G-20 ટ્રાયમવિરેટનો ભાગ છે. G-20 સમિટમાં ભારત સક્રિયપણે ચર્ચામાં યોગદાન આપી રહ્યું છે.

## ચીનમાં હિટ એન્ડ રનમાં ૩૫ના મોત


### ૬૨ વર્ષના વ્યક્તિએ કાર વડે પરેશાન વૃદ્ધે ગાડી લોકો પર ચડાવી: ૪૩ ઘાયલ

**મુખ્ય સમાચાર,બેજિંગ**

પોલીસના જણાવ્યા અનુસાર, ફેન નામનો આરોપી છૂટાછેડા પછી મિલકતની વહેંચણીને લઈને તેની પત્નીથી નારાજ હતો.આ ઘટના સ્પોર્ટ્સ સેન્ટર પાસે બની હતી, જ્યાં લોકો કસરત કરવા માટે આવ્યા હતા. તે હુમલો હતો કે અકસ્માત હતો તે હજુ સ્પષ્ટ થયું નથી.કારમાં ચાકુ સાથે ફેન ઝડપાયો હતો. તેના ગળા પર પોતાને નુકસાનના નિશાન હતા. જ્યારે તેને પકડવામાં આવ્યો ત્યારે તે બેભાન હતો, હાલ તેની સારવાર ચાલી રહી છે.

આ કારણે ચીનની સરકારે લોકોના મોતના સમાચારને સેન્સર કર્યા હતા. સમાચાર એજન્સી એપીના અહેવાલ મુજબ, મંગળવારે સવારે ચીની મીડિયામાંથી આ સમાચાર સાથે જોડાયેલા ઘણા લેખો હટાવી દેવામાં આવ્યા હતા.આ સિવાય જે લેખો પ્રકાશિત થયા હતા તે ફોટા અને વિડિયો વગર પ્રકાશિત કરવામાં આવ્યા હતા. જોકે, આ ઘટના સાથે જોડાયેલા વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર વાયરલ થયા હતા. આને યંગ લી નામના યુઝરે પોસ્ટ કર્યા હતા. આ વીડિયોમાં ઘણા લોકો રસ્તા પર ઘાયલ થયેલા જોવા મળ્યા હતા.

ચીનમાં આ પહેલા પણ આવી ઘટનાઓ બની ચૂકી છે : ઓક્ટોબરમાં રાજધાની બેઈજિંગમાં એક વ્યક્તિએ એક સ્કૂલ પર હુમલો કર્યો હતો.



જેમાં ૫ લોકો ઘાયલ થયા હતા. પોલીસે હુમલા માટે ૫૦ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી હતી.આ સિવાય સપ્ટેમ્બરમાં પણ આવી જ એક ઘટના બની હતી. ચીનના બંદર શહેર શાંઘાઈમાં એક સુપરમાર્કેટમાં એક વ્યક્તિએ લોકો પર ચાકુ વડે હુમલો કર્યો. આ હુમલામાં ૩ લોકો માર્યા ગયા હતા.

# મોરબીમાં વરિયા પ્રજાપતિ સમાજનું વિશાળ સંમેલન યોજાયું : શિક્ષણ પર ભાર મૂકવા આહવાન

## પ્રજાપતિ સમાજની શાંત અને વિશ્વાસુ સમાજ તરીકેની ઓળખને વધુ મજબૂત કરી દેશના વિકાસમાં મજબૂત ભાગીદારી માટે યુવાનોને આગળ વધવા હાકલ કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં વરિયા પ્રજાપતિ વિદ્યોતેજક મંડળ દ્વારા સમાજના સર્વાંગી વિકાસ માટે જરૂરી શિક્ષણ બાબતે સમાજ અને યુવાનોમાં જાગૃતિ લાવવા પ્રથમવાર વરિયા પ્રજાપતિ યુવા સંમેલનનું આયોજન ગત તારીખ ૧૦ નવેમ્બરને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શિક્ષણ પર ભાર મૂકવાની સાથે પ્રજાપતિ સમાજની શાંત અને વિશ્વાસુ સમાજ તરીકેની ઓળખને વધુ મજબૂત કરી દેશના વિકાસમાં મજબૂત ભાગીદારી માટે યુવાનોને આગળ વધવા હાકલ કરાઈ હતી.

મોરબીમાં વરિયા પ્રજાપતિ વિદ્યોતેજક મંડળ દ્વારા સામાકાંઠે જિલ્લા સેવા સદન પાછળ આવેલા રેમન્ડ પાર્ટી પ્લોટ ખાતે ૧૦ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૪ કલાકે સમાજના યુવાનોનું યુવા સંમેલન યોજાયું હતું. આ યુવા સંમેલનમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર, લેખક અને યુવાનોના પ્રેરક એવા જય વસાવડાએ મુખ્ય વક્તા તરીકે વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત મીટ્ટી કૂલ વાંકાનેરના મનસુખભાઈ પ્રજાપતિએ પણ યુવાનોને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. તેમજ મોરબી જિલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિએ પણ ઉપસ્થિત રહીને યુવાનોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વક્તાઓ પ્રજાપતિ સમાજની રોટલા, ઓટલાની પરંપરા અને એક શાંત અને વિશ્વાસુ સમાજની પરંપરાગત ઓળખને યાદ કરી સમાજના સર્વાંગી વિકાસ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ આવનારા સમયમાં શિક્ષણના મહત્વ વિશે ભાર આપ્યો હતો. આ ઉપરાંત વક્તાઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સમાજની દરેક સમસ્યાનો ઉકેલ માત્ર શિક્ષણ છે. સમાજના વિકાસ માટે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહિ પણ વૈચારિક ક્રાંતિ અને વિચારોનું વાવેતર જરૂરી હોવાનું તેમજ ધાર્મિક, સામાજિક પ્રસંગો સાથે શૈક્ષિણક હેતુ અને તેવા કાર્યો સાંકળવા પર ભાર મૂક્યો હતો. તેમજ કન્યા કેળવણી અત્યંત જરૂરી પણ સાથે કુમારો પણ ઉચ્ચ શિક્ષિત થાય તે પણ જરૂરી હોવાનું જણાવ્યું હતું.આજના સમયમાં જે ગ્રેજ્યુએટ નથી તે અભણ છે તેમજ માત્ર નોકરી મેળવવા નહિ પણ ઘરના ધંધા રોજગારમાં પણ આગળ વધવા ઉચ્ચ અભ્યાસ જરૂરી હોવાનું જણાવ્યું હતું. આ સાથે યુવાનોને ખાસ વ્યસન જેવા દુષણો અંગે જાગૃત કરાયા હતા. તેમજ સફળતાનો કોઈ શોર્ટ કટ ન હોવાનું જણાવી મોજ શોખ અને દેખા દેખીમાં વ્યાજ અને લોનના વિષચક્રમાં ફસાતા બચવા યુવાનોને સંદેશ આપવામાં આવ્યો હતો. તેમજ સમાજ કાર્યોમાં વડીલોની સાથે યુવાનોની ભાગીદારી વધે તેમજ આજના મોબાઈલના સમયમાં પુસ્તકોના વાંચન પર વક્તાઓ દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થા અંગે કાર્યકારી પ્રમુખ ભાવેશભાઈ વામજા દ્વારા પરિચય આપતા જણાવ્યું હતું કે વરિયા પ્રજાપતિ વિદ્યોતેજક મંડળસ્સ્રની સમાજના શિક્ષણપ્રેમી વડીલો અને આગેવાનો દ્વારા ૧૯૬૫માં શરૂઆત કરાઈ છે. જેનો મુખ્ય હેતુ સમાજનો શૈક્ષિણક વિકાસ કરવાની સાથે સમાજનો સર્વાંગી વિકાસ અને સમાજને યોગ્ય દિશામાં લઈ જવાનો છે. આ સંસ્થા સમગ્ર ગુજરાતમાં રહેતા વરિયા પ્રજાપતિ સમાજ માટે કામ કરે છે. આ સંસ્થાની મોરબીમાં આધુનિક છાત્રાલય આવેલી છે. જેમાં ૧૫૦૦ પુસ્તકો સાથેની આધુનિક લાયબ્રેરીની શરૂઆત, વિદ્યાર્થીઓ અને ધંધાદારીઓ માટે અંગ્રેજીના વર્ગો, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન, રાખડી, રંગોળી, વાનગી સહિતની વિવિધ કૌશલ્ય સ્પર્ધાનું આયોજન, બાળકો માટે દર રવિવારે







બાલ સભા, વિદ્યાર્થીઓને શૈક્ષિણક સહાય માટે વગર વ્યાજની લોન, સામાજિક કુરિવાજો બાબતે જાગૃતિ તેમજ સમાજના યુવાનો, મહિલાઓ વધુ સક્ષમ બને તેવા હેતુઓ સાથે પરેંટિંગ, માર્ગદર્શક માટે વિવિધ સેમીનારોનાં આયોજન તેમજ GPSC/UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સમાજના યુવાનોને જરૂરી વાતવરણ અને સુવિધા પૂરી પાડવા મટે કામ કરતી હોવાનું જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા લેવાયેલી યુપીએસસી મોક ટેસ્ટના તેજસ્વી તારલાઓને પુરસ્કાર આપીને સન્માન પણ કરવામાં આવ્યું હતું. તેમજ વરિયા પ્રજાપતિ સમાજની ડિજિટલ બિઝનેસ ડિરેક્ટરી બનાવવાની કામગીરી પણ કરવામાં આવી હતી. જેમાં સ્થળ પર જ ડેટા એકત્ર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી વરિયા પ્રજાપતિ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયે સૌએ સાથે ભોજન લીધું હતું. સંમેલનમાં અંદાજે ૩ હજારથી વધુ પ્રજાપતિ સમાજના લોકો કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રેહવાની સાથે કાર્યક્રમ દરમિયાન શિસ્ત, એકતાના દર્શન કરાવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વરિયા પ્રજાપતિ વિદ્યોતેજક મંડળ તેમજ વરિયા પ્રજાપતિ સમાજના વિવિધ સંગઠન અને સમિતિઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# મોરબી સિવિલમાં આઉટસોર્સિંગ કર્મચારીઓના ધરણા : આપ નેતા ઈશુદાન આવ્યા તેમની વ્હારે

## સરકાર તાત્કાલિક ઉકેલ નહિ આવે તો તમામ જિલ્લાના આઉટસોર્સિંગ કર્મચારીઓનું સંગઠન બનાવી ગાંધીનગરનો ઘેરાવ કરવાની ચીમકી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સિવિલમાં કામ કરતા આઉટસોર્સિંગ સ્ટાફને તેના હક્ક મળતા નથી અને પૂરતો પગાર મળતો નથી. જેથી કરીને ગઈકાલે મોડી રાતે આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવી મોરબી સિવિલ હોસ્પિટલે આવ્યા હતા અને ત્યાં આઉટસોર્સિંગ સ્ટાફને મળ્યા હતા. જ્યાં તેમણે એવું કહ્યું હતું કે, આ આઉટસોર્સિંગ સ્ટાફને શું લાભ મળવા જોઈએ, શું પગાર મળવો જોઈએ તેની તે લોકોને ખબર જ નથી અને એજન્સી વાળા સરકારમાંથી વધુ પગાર લેતા હોવા છતાં પણ પગાર આપતા નથી. જેથી કરીને રાજ્યના આરોગ્ય મંત્રી જો હપ્તા ન લેતા હોય તો મોરબી સહિત ગુજરાતનાં આરોગ્ય વિભાગના આઉટસોર્સિંગ સ્ટાફને પૂરતો પગાર આપવો જોઈએ નહીં તો આ મુદ્દે આગામી સમયમાં એક લાખ લોકોને ભેગા કરીને ગાંધીનગરમાં ઘેરાવ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

મોરબી સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગના સફાઈ કામદારો તેમજ સિક્યુરિટી સહિતના અંદાજે ૧૫૦ જેટલા આઉટસોર્સિંગ સ્ટાફને પૂરતો પગાર આપવામાં આવતો નથી, પગાર સ્લીપ આપવામાં આવતી નથી, પીએફનો લાભ આપવામાં આવતો નથી, હક્ક રજા મળતી નથી તેમજ ૧૨ કલાક તેઓની પાસેથી કામ લેવામાં આવી રહ્યું છે. જેથી કરીને આ હંગામી સ્ટાફ દ્વારા સિવિલના પટાંગણમાં હોસ્પિટલ બહાર ધરણા શરૂ કરવામાં આવેલા છે અને ગઈકાલે મોડી રાતે આમ આદમી પાર્ટીના આગેવાન ઈસુદાન ગઢવી મોરબી આવ્યા હતા અને મોરબી સિવિલે લઈને તેઓ આઉટસોર્સિંગથી સિવિલમાં કામ કરતાં સ્ટાફને મળવા માટે ગયા હતા.

આ હંગામી કર્મચારીઓની મુલાકાત લીધા બાદ ઈસુદાન ગઢવીએ પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે, મોરબી સહિત રાજ્યભરમાં આઉટસોર્સિંગ એજન્સીઓની અધિકારીઓ અને ભાજપના નેતાઓ સાથેની મિલીભગત છે અને હપ્તા આપે છે ત્યારે જો રાજ્યના આરોગ્ય મંત્રી હપ્તા ન લેતા હોય તો તેઓએ આ આઉટસોર્સિંગ સ્ટાફને પૂરતો પગાર અને તેઓને મળવા પાત્ર તમામ લાભ આપવામાં આવે તેવી માગ કરી છે. આ પ્રશ્ન સમગ્ર ગુજરાતમાં છે જેથી કરીને આગામી દિવસોમાં ગુજરાતનાં તમામ જીલ્લામાં આમ આદમી પાર્ટી આઉટસોર્સિંગ સ્ટાફને તેનો હક્ક મળે તેના માટે લડત ચલાવશે અને ત્યાર બાદ આઉટસોર્સિંગ સ્ટાફનું સંગઠન બનાવીને એક લાખ જેટલા કર્મચારીઓને સાથે રાખીને ગાંધીનગરનો ઘેરાવ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

# દરિયા કાંઠાને ડેવલોપ કરવા કલેક્ટરનું સરપ્રાઈઝ ચેકિંગ

## ઉનાના માંડવી બ્લૂ ફ્લેગ બીચ દરિયા કિનારા ઉપર ઈન્સ્પેકશન હાથ ધરી તમામ ગેમનો પ્રત્યક્ષ અનુભવ કર્યો

**અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના**

ઉનાના એહમદપુર માંડવી બ્લૂ ફ્લેગ બીચ દરિયા કિનારા ઉપર દરિયા કાંઠાને ડેવલોપ કરવા જિલ્લા કલેક્ટર દ્વારા આ વિસ્તારનું સરપ્રાઇઝ ચેકિંગ અને ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કલેક્ટરે પોતે જાતે જ તમામ ગેમ, દરિયા કિનારો, સમુદ્ર અને તમામ દરિયાઈ રમત-ગમતનો અનુભવ પણ કર્યો હતો.

ગીર સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા તેમજ તેમની ટીમ દ્વારા ઉનાના અહેમદપુર માંડવી બ્લૂ ફ્લેગ બીચ દરિયા કિનારા ઉપર દરિયા કિનારાને ડેવલોપ કરવા માટે થઈને સરપ્રાઇઝ ચેકિંગ અને ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં લાઈફ જેકેટ, રીંગ બોય, ફર્સ્ટ એડ કીટ, કોમ્યુનિકેશન સ્કીલ, સીપીઆર, સ્કિલ ટ્રેનિંગ સર્ટિફિકેટ, સેફ્ટી અને સલામતીનું કડક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ એડવેન્ચર વોટર સ્પોટ દ્વારા વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી જેમકે મધદરિયાની અંદર સનરાઈઝ પોઈન્ટ, ડોલ્ફિન સફારી, પેરાસિલીંગ, સ્પીડ બોટ, બમ્પર બોટ, બનાના બોટ, જેટ સ્કી, વોટર સ્કી જેવી તમામ ગેમ રમી જાતે દરિયા કિનારાનું તેમજ સમુદ્રનું અને તમામ દરિયાઈ રમત-ગમતનો અનુભવ કર્યો હતો.

ગુજરાત ફરવા આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ અને સહેલાણીઓની સેફ્ટી અને સલામતીનું નિરીક્ષણ કરી એડવેન્ચર વોટર સ્પોટના સંચાલક અને સમુદ્ર સેવા ટ્રસ્ટના પ્રમુખ ધર્મેન્દ્રગીરી બાલુગીરી ગોસ્વામી અને



તેમની વર્ષો જૂના વેલ ટ્રેન અને વર્ષોના અનુભવી સ્ટાફ અને ટીમ દ્વારા દરિયા કિનારો સ્વચ્છ રાખવા અને ડોલ્ફીન અને વેલ શાર્ક માછલીની રક્ષા કરવા માટે થઈ આ ટીમની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના આપી ભેટ સોગાત આપી સન્માનિત કરવામાં આવ્યું હતું.

# મોરબીના જસમતગઢ ગામ નજીકથી ચોરાયેલ ટ્રેક્ટરની ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના જસમતગઢ ગામ નજીક આવેલ હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલ ટ્રેક્ટરની ચોરીનો ભેદ ઉકેલાયો છે, જેમાં મોરબી ક્રાઈમ બ્રાંચ/પેરોલ ફર્લો સ્કવોડ ટીમે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરતા જેમાં મળેલ બાતમીને આધારે ટ્રેક્ટર ચોર મૂળ મધ્યપ્રદેશના વતની એક ઈસમને ઊંચી માંડલ ગામ નજીકથી ચોરાયેલ ટ્રેક્ટર સાથે દબોચી લઈ આરોપી વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ મથકમાં ટ્રેક્ટર ચોરીની નોંધાયેલ ફરિયાદ મુજબ ગત તા.૦૮/૧૧ ના રોજ જસમતગઢ ગામે રહેતા ખેડૂત પોતાનું ટ્રેક્ટર લઈને નિરણ ભરવા ખેતરે જતા હોય ત્યારે ટ્રેક્ટરની લાઈટ બંધ થઈ જતા ટ્રેક્ટર રજી.નં.



જીજે-૩૬-એએફ-૯૯૧૩ જસમતગઢ ગામ નજીક આવેલ મેલડી હોટલની સને ખુલ્લા કમ્પાઉન્ડમાં પાર્ક કર્યું હોય જ્યાંથી કોઈ અજાણ્યો વાહન-ચોર ઈસમ તે ટ્રેક્ટરની ચોરી કરી લઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ઉપરોક્ત ટ્રેક્ટર ચોરીની ફરિયાદને આધારે મોરબી જીલ્લા પોલીસ ટીમ અજાણ્યા વાહન ચોર ઈસમને પકડી લેવા કાર્યરત હોય તે દરમ્યાન એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ટાફના એએસઆઈ જિજ્ઞાસાબેન કણસાગરા, સુરેશભાઈ હુંબલ, કોન્સ.ભાવેશભાઈ મિયાત્રાને ખાનગીરાહે તેમજ હ્યુમન સોર્સ તથા ટેકનીકલ માધ્યમથી બાતમી હકીકત મળેલ કે, મોરબી તાલુકા પોલીસમાં નોંધાયેલ ટ્રેક્ટર ચોરીની ફરિયાદ મુજબનું મહિન્દ્રા સ્વરાજ કંપનીનું બ્લુ કલરનુ ટ્રેક્ટર સાથે એક ઈસમ હાલે ઉંચી માંડલ ગામ પાસે આવેલ માર્બીલાનો કારખાનાની સામે રોડ ઉપર ટ્રેક્ટર સાથે ઉભેલ છે તેવી હકીકત આધારે તપાસ કરતા એક પરપ્રાંતિય ઈસમ બેડીસિંગ ગુલાબસિંગ ગૌડ ઉવ.૨૫ રહે.હાલ મોરબી-જેતપર રોડ પાવડીયારી કેનાલ નજીક બ્લુ જોન કારખાનામાં મુળ રહે. દેવરી નીઝમ દીયોરી નીઝમ દામોહ (એમ.પી) વાળો ચોરીમાં ગયેલ ટ્રેક્ટર સાથે મળી આવતા તેને હસ્તગત કર્યો હતો.

# જુના દેવળિયામાં રક્તદાન કેમ્પનું સફળ આયોજન: ૪૯ યુનિટ બ્લડ કલેક્શન કરાયું



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકા હેલ્થ કચેરી હળવદ, શ્રદ્ધઉિછ્‌જમેડિકલ કોલેજ મોરબી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જુના દેવળિયાના સહયોગથી આજે જુના દેવળિયા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ડી.બી. મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પનું ઉદ્ઘાટન ગામના સરપંચ વશરામભાઈ સોલંકી, લાલભાઈ પટેલ અને તાલુકા વિકાસ અધિકારી હળવદે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે અધિકારીઓએ રક્તદાનના મહત્વ વિશે ચર્ચા કરી અને વધુમાં વધુ લોકો રક્તદાનમાં જોડાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં જુના દેવળિયા તેમજ આસપાસના ગામોમાંથી કુલ ૪૯ યુનિટ રક્ત સંગ્રહિત થયું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે આરોગ્ય શાખાના અધિકારીઓ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. ચિંતન દોશી, મેડિકલ ઓફિસર ડો. નિશાબેન પાડલીયા, આરોગ્ય સુપરવાઈઝર બસીયાભાઈ અને ગ્રામ તલાટીમંત્રી ગામના આગેવાનોએ જહેમત ઉઠાવી આ કેમ્પને સફળ બનાવવામાં સહયોગી થયા હતા.

# સુરેન્દ્રનગર સબ જેલમા કાચા કામના કેદનું બિમારી સબબ મોત



મૂળીના ખંપાળીયામાં થયેલી હત્યાની સજા ભોગવતા કેદીનું સુરેન્દ્રનગરની જેલમાં મોત થયું છે. ગત મેં માસમાં પતિએ પત્ની પાસે જ આડાસબંધ ધરાવતાં યુવકને ફોન કરી વાડીએ બોલાવ્યો, પિતા-કોટુંબિક ભાઈ સાથે મળી હત્યા કરી હતી સુરેન્દ્રનગર સબ જેલમાં હત્યાના કેસમાં બંધ આધેડ આરોપીનું શંકાસ્પદ હાલતમાં મોત નીપજ્યું છે. મુળીના ખંપાળીયા ગામની સીમમાં પ્રેમ પ્રકરણ મામલે યુવકની હત્યાના કેસમાં આરોપીઓને સુરેન્દ્રનગર સબ જેલ હવાલે કરાયા હતા. આરોપીનું કોઈ બિમારીના કારણે જેલમાં મોત નીપજ્યું હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. મુળીના ખંપાળીયા ગામની સીમમાં ગત મે મહિનામાં પત્ની સાથે આડાસંબંધનું મનદુઃખ રાખી ત્રણ જેટલા શખ્સોએ એકસંપ થઈ લોખંડના પાઈપ અને ધારીયા ઘા ઝીંકી મહેશભાઈ બાવળીયા (ઉ.વ.૩૨)ની હત્યા નિપજાવી હતી. આ બનાવમાં મુળી પોલીસ મથકે હત્યા નીપજાવનાર પુત્ર જેન્તીભાઈ ઉર્ફે ભુચડી ભાવુભાઈ બાવળીયા, પિતા ભાનુભાઈ મોહનભાઈ બાવળીયા અને ગોપાલભાઈ જગાભાઈ બાવળીયા (તમામ રહે.ખંપાળીયા તા.મુળી) સામે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ કેસમાં પોલીસે હત્યા નીપજાવનાર આરોપીઓને સુરેન્દ્રનગર સબ જેલ હવાલે કરાયા હતા. જે પૈકી સબ જેલમાં બપોરના સમયે અચાનક આરોપી ભાવુભાઈ મોહનભાઈ બાવળીયાને શંકાસ્પદ હાલતમાં મોત નિપજ્યું હતું. આરોપીના મૃતદેહને પીએમ અર્થે રાજકોટની હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આરોપીના મોત પાછળનું સાચું કારણ પીએમ રિપોર્ટ બાદ જ જાણવા મળશે.

# ખંભાળિયા પાસે વિદેશી દારૂભરેલી કાર સાથે ચાર શખ્સોની ધરપકડ



ચોક્કસ બાતમીના આધારે અત્રેથી પોલીસે આશરે ૧૦ કિલોમીટર દૂર લાલપુર રોડ પરથી ગતરાત્રે જામનગરના દરેડ વિસ્તારમાં રહેતા ભરત દેવાયત કરમુર (ઉં. ૨૨), કલ્યાણપુરના વીરપર ગામના કાર્તિક દેવાણંદ ચાવડા (ઉ. ૨૦), કરણ વીરાભાઈ સોલંકી (ઉ. ૨૦) અને જામનગરમાં પ્રણામી ટાઉનશિપ ખાતે રહેતા વિજય કેશુર ગોજીયા (ઉ. ૨૦) નામના ચાર શખ્સોને જી.જે. ૧૦ ડી.જે. ૧૧૧૮ નંબરની એક્સ.યુ.વી. કારમાંથી વેચાણ અર્થે લઈ આવેલા વિદેશી દારૂની ૪૨ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૧૫,૩૭૨ ની કિંમતની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૪૨ બોટલ તેમજ રૂપિયા ત્રણ લાખની કિંમતની મોટરકાર સાથે સહી કુલ રૂપિયા ૩,૧૫,૩૭૨ નો મુદ્દામાલ કબજે કરી, તમામની વિધિવત રીતે અટકાયત કરી હતી. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, આકાશ બારસિયા, પી.જે. ખાંટ, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. સજુભા જાડેજા, ભરતભાઈ ચાવડા, ડાડુભાઈ જોગલ, દિનેશભાઈ માડમ, પ્રવીણભાઈ માડમ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# ચોટીલાના જાનીવડલાના ખેતરમાંથી ગાંજાના 30 છોડ સાથે ખેડૂતની ધરપકડ




**મુખ્ય સમાચાર,ચોટીલા**

ચોટીલા સુરેન્દ્રનગર જિલ્લામાં અનેક પ્રકારનાં કેફી પદાર્થો વડે નશાખોરી કરનારા પણ વધતા જાય છે જેઓને નસીલા પદાર્થ ની ખાનગીમાં થાય છે, જિલ્લા એસઓજી ખેતી પણ ની ટીમે ચોટીલાનાં જાનીવડલા ગામની સીમમાં બાતમીના આધારે ગાંજા નો ઉભો પાક સાથે એક શખ્સની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ છે. પ્રાપ્ત માહિતી મુજબ ચોટીલા તાલુકામાં ભૌગોલિક રીતે કેટલાક વિસ્તારોમાં નશાકારક ગાંજા ની ખેતી અન્ય ખેતી પાક ની આડમાં કરવામાં આવતી હોય છે અગાઉ પણ અનેક સીમ વિસ્તારમાંથી ગાંજા ની ઝડપાયેલ છે જેથી જિલ્લા ની બ્રાન્ચો સતત ખાનગી રાહે સતત વોચ રાખેલ એસઓજીના પીઆઈ બી. એચ. સિંગરખીયાને ખાનગી રાહે બાતમી મળેલ જાનીવડલા ગામનાં સીમ વિસ્તારમાં ખીમાભાઈ સામતભાઈ રબારીનું વર્ષો થી ભાગીયુ વાવતા રાજપરા ગામના રોજાસરા ગોવિંદભાઈ કુકાભાઈ એ ખેતરમાં કપાસ તુવેરનાં તા.૧૨ ગાંજાનું વાવેતર કરેલ છે. હકિકતનાં આધારે સ્ટાફ સાથે દરોડો પાડી ખેતરમાં તલાસી લેતા ખેતરની બંન્ને તરફ નાના મોટા 30 જેટલા લીલા ગાંજાનાં છોડ મળી આવતા ધોરણસરની કામગીરી હાથ ધરેલ હતી કલાકો ની જહેમત બાદ આશરે ૩૬. 300 કિ . ગ્રા લીલા ગાંજાનાં રૂ. ૩.૬૩ લાખ નો મુદ્દામાલ ઝડપી પાડી આરોપીને અટક કરેલ હતી. વધુ પુછતાછ કરતા આ છોડ નું બિયારણ અજાણ્યા સાધુ મારાજ પાસે થી લીધુ હોવાની વિગત જાણવા મળે છેચોટીલા પોલીસમાં નાર્કોટિક્સ એક્ટ મુજબ ગુનો દાખલ કરાવી તપાસ નાની મોલડીનાં પીઆઈ એન. એસ. પરમાર ને સોંપવામાં આવેલ છે.

## જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને કોર્પોરેશનની આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે

# એમ.પી.શાહ વૃદ્ધાશ્રમ ખાતે આયુષ્માન વય વંદના કાર્ડ કેમ્પનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા સાથે સંકલન કરી એમ.પી.શાહ વૃધ્ધાશ્રમ ખાતે આશ્રિત વૃદ્ધ વડીલોનાં આયુષ્માન વય વંદના કાર્ડ કાઢવા અર્થે કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.આ કેમ્પમાં જેમાં જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ ઉપસ્થિત રહી વૃદ્ધ વડીલોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ તેઓને વૃદ્ધ પેન્શન કે વિધવા પેન્શન જેવી યોજનાનો લાભ મળે છે કે કેમ તે અન્વયે જાણકારી મેળવી હતી. તેમજ જે વડીલો લાભથી વંચિત છે તેઓને સત્વરે યોજનાકીય લાભ અપાવવા જરૂરી કાર્યવાહી કરવા કચેરીનાં સ્ટાફને સુચના આપી હતી. કાર્યક્રમમાં પી.એમ.જે. એ. વાય. માં યોજનાના પ્રોજેક્ટ કોર્ડીનેટરશ્રી નિયતીબેન રામાનુજ દ્વારા વડીલોને




આયુષ્માન વય વંદના કાર્ડ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ ૭૦ વર્ષકે તેનાથી વધુ વયના તમામ વડીલોનાં આયુષ્માન વય વંદના કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આ સાથે સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક દ્વારા મહિલાઓની સુરક્ષા અર્થે કાર્યરત સખીવન સ્ટોપ સેન્ટર વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ સરકારનાં નમિશન શક્તિથ હેઠળ કાર્યરત ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના હેઠળ ફરજ બજાવતા ડિસ્ટ્રીક્ટ મિશન કોર્ડીનેટર પ્રશાંત કુબાવત દ્વારા વડીલોને મહિલા અને બાળ વિભાગ હેઠળની તમામ યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ ભવિષ્યમાં જરૂરી તમામ યોજનાકીય લાભ વડીલોને મળી રહે તે માટે એમ.પી. શાહ વૃદ્ધાશ્રમના કર્મચારીને જિલ્લા મહિલા અને બાળ વિકાસની કચેરીનાં સંકલનમાં રહી કાર્યવાહી કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વાંકાનેરમાં રૂા.૧ લાખના દેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ

## પોલીસે રૂા.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોની શોધખોળ હાથ ધરી



વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીને આધારે પાડધરા નજીક વોચ ગોઠવી અહીંથી પસાર થતી એક ઇકો કારને રોકી તલાશી લેતા ઇકોમાંથી ૫૦૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેથી પોલીસે કાર ચાલકની અટકાયત કરી દારૂનો જથ્થો મોકલનાર તથા મંગાવનારના અન્ય બે ઇસમો વિરૂધ્ધ પણ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીને આધારે વાંકાનેરના પાડધરા ગામ નજીક આવેલ મહાનદીના પુલ પાસે વોચ ગોઠવી એક નંબર પ્લેટ વગરની સિલ્વર કલરન કારને રોકી તલાશી લેતા તેમાંથી ૫૦૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેથી પોલીસે દારૂ તથા કાર સહિત કુલ ચાર લાખના મુદ્દામાલ સાથે ચોટીલા તાલુકાના નાળિયેરી ગામના આરોપી અજયભાઈ ભગવાનભાઈ મકવાણાને પકડી પાડ્યો હતો અને તેની પ્રાથમિક પૂછપરછ કરતાં દારૂનો જથ્થો ચાંપરાજભાઈએ આપ્યો હોય અને મયુર ઉર્ફે નાગરાજ હરેશભાઈ અસવાર ઢુંવા વાળાએ મંગાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે ફરાર બંને આરોપીઓ વિરુદ્ધ પણ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# કરણપરામાં ઈલેક્ટ્રીકના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા નાસભાગ

## ફાયર બ્રિગેડની ગાડીએ પાણીનો મારો ચલાવી બે કલાકે કાબૂ મેળવ્યોઃ દેવદિવાળીના ફટાકડા ફૂટતા તેના તણખલા ઝરતા આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં દેવદિવાળીએ આગ લાગવાની ઘટના સામે આવી છે. જેમાં કરણપરા વિસ્તારમાં આવેલા પારેખ ટ્રેડિંગ નામના ઈલેકટ્રીકના શો-રૂમમાં આગ લાગ્યાની ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળ પર દોડી ગયો હતો અને આગ કાબૂમાં લીધી હતી.



ઘટનાની જાણવા મળતી વિગત મૂજબ કરણપરા શેરી-૨૭માં આવેલા ત્રણ માળના ઈલેકટ્રીકના શો રૂમમાં આગ લાગી હોવાની જાણ રાત્રીના ૧૦:૩૦ ફાયર વિભાગમાં થઈ હતી. આગની ઘટના બનતા લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. ફાયર વિભાગના સ્ટાફે તાત્કાલિક ધોરણે દોડી જઈ બે બમ્બા મારફતે પાણીનો મારો ચલાવી બે કલાકની જહેમતે આગ પર કાબૂ મેળવ્યો હોવાનું જાણવા મળ્યુ હતું. શો-રૂમના માલિક મહેન્દ્રસિંહ ઝાલાના જણાવ્યા મુજબ દેવદિવાળી પર ફટાકડા ફોડતી વેળાએ કોઈ તણખલો અગાસી પરથી ગોડાઉન ખરતા આગ લાગી હોવાની શક્યતા છે. ત્રણ માળના શો-રૂમમાં સ્ટવ સહિતનો ઈલેકટ્રીકની અન્ય સામગ્રી સહિત અંદાજિત લાખો રૂપિયાનું નુકસાન થયુ હોવાનો અંદાજ છે.

# ભોજપરામાં ચંદ્રમૌલેશ્વર મંદિરમાં પ્રૌઢનું ગળુ કાપી કમળ પુજા કરવાનો પ્રયાસ

## શિવલિંગ સામે બેસી આધેડે પોતાની જાતે ગળા ઉપર છરી ફેરવી દીધી; ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલમાં અંધશ્રધ્ધામાં અંધ એક આધેડે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરે ગળુ કાપી કમળ પુજાનો પ્રયાસ કરતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. ગંભીર રીતે થવાયેલા આધેડને સારવાર માટે રાજકોટની હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ છે. જયાં તેણે આજે સવારે પોતાનું ગળુ કાપી જાતબલી ચડાવવાનો પ્રયાસ કર્યાનું બહાર આવ્યું છે. આ બાબતે ગોંડલ પોલીસે રાજકોટની સીવીલ હોસ્પીટલે પહોંચી જઈ આધેડના પરિવારના નિવેદન લેવા તજવીજ શરૂ કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ ગોંડલ- જેતપુર રોડ પર આવેલ આસોપાલવ સોસાયટીમાં રહેતા ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ઝાલા (ઉ.૪૭) નામના આધેડ આજે સવારે પોતાના ઘરેથી નિકળી ભોજપરા ગામે આવેલ નુતન સ્કુલ પાસેના ચંદ્રમૌલેશ્વર મંદિરે પહોંચ્યા હતા. ત્યાં પુજા કર્યા બાદ આજુબાજુમાં કોઈ નહીં દેખાતા પોતાની પાસે રહેલી ધારદાર છરી વડે પોતાનું ગળુ કાપી બલી ચડાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટના બાદ કોઈ દર્શનાર્થીએ આધેડને લોહી લુહાણ હાલતમાં શિવલિંગ પાસે પડેલા જોઈ આજુબાજુના લોકોને જાણ કરી હતી. તેમજ સૌ પ્રથમ ગોંડલ બાદ તેઓને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટની સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ





તેઓને ઈમરજન્સી વોર્ડમાં સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યુ છે. આ ઘટના બાબતે હોસ્પીટલ ચોકીના સ્ટાફે એન્ટ્રી નોંધી ગોંડલ પોલીસને જાણ કરી હતી. ધર્મેન્દ્રસિંહ ઝાલા મુંબઈમાં કોન્ટ્રાક્ટર સાથે કામ કરે છે. તેમજ તેઓ શિવભક્ત છે. તેમને સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. તેઓ બે મહીનાથી ગોંડલ તેમના પરે આવ્યા હતા. પોતે બે ભાઈમાં મોટા હોવાનું જાણવા મળી રહ્યું છે. હોસ્પીટલે ધર્મેન્દ્રસિંહને સારવાર માટે લઈને આવેલા તેમના નાના ભાઈ ક્રિપાલસિંહે જણાવ્યું હતું કે ભાઈ ધર્મેન્દ્રસિંહ આજે સવારે મંદિરે જાવ છું તેમ કહી નિકળ્યા બાદ તેઓ મંદિરેથી લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. તેઓએ કમળપુજા કરવાનો પ્રયાસ કર્યો હોવાનો હાલ સ્થાનીકોમાંથી જાણવા મળી રહ્યું છે.

# વેકેશનમાં ચાલુ શાળાઓ બંધ કરાવી, DEOએ ૧૦ સ્કૂલને નોટિસ ફટકારી

## વેકેશનના એક સપ્તાહ પહેલાં શાળાઓ શરૂ કરી દેવાતા દેકારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શિક્ષણ વિભાગે જાહેર કરેલા દિવાળી વેકેશન પહેલાં જ શહેરની મોટાભાગની શાળાઓ શરૂ કરી દેવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ફરિયાદોના આધારે કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠને જિલ્લા શિક્ષણાધિકારીને આ અંગે ફરિયાદ કરી હતી. તેમ છતાં શાળાઓ ચાલુ જ રહેતા મંગળવારે સવારથી જ વિદ્યાર્થી સંગઠનના આગેવાનો જુદી જુદી શાળાઓમાં પહોંચ્યા હતા અને ત્યાં શિક્ષણકાર્ય ચાલુ હોવાનું માલૂમ પડતા જ શાળાઓ બંધ કરાવી હતી. બીજી બાજુ વેકેશન પહેલાં જ જે શાળાઓ શરૂ કરી દેવામાં આવી છે તેને નિયમભંગ ગણીને જિલ્લા શિક્ષણાધિકારીએ ૧૦ જેટલી ખાનગી શાળાઓને નોટિસ પણ ફટકારી છે.

વિદ્યાર્થી સંગઠનના આગેવાન રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું કે, DEOને ગઈકાલે પુરાવાઓ પણ આપ્યા હતા તેમ છતાં તેઓ દ્વારા કોઈ પણ જાતની એક્શન લેતા નથી એટલે અમારે આજે મેદાનમાં ઉતરવું પડે તે દુઃખદ છે. શૈક્ષણિક કાર્ય શરૂ રાખનાર શાળાથી માહિતગાર કર્યા છે અને કડક એક્શન લેવા પણ કહ્યું છે જો DEO કોઈ જાતના પગલાં નહીં લે તો અમે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીનો ઘેરાવ કરી વિરોધ દર્શાવશું. વિદ્યાર્થીઓએ કહ્યું કે, અમને દબાણ કરી બોલાવે છે જ્યારે શાળા સંચાલકોએ કહ્યું કે, અમે




રિવિઝન માટે બાળકોને શાળાએ બોલાવીએ છીએ.

જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલે પણ આ અંગે જણાવ્યું હતું કે, અગાઉ શિક્ષણ વિભાગના પરિપત્ર મુજબ વેકેશન પહેલાં કોઈપણ શાળા શૈક્ષણિક કાર્ય શરૂ કરી શકશે નહીં તે અંગેનો અમે પરિપત્ર પણ તમામ શાળાઓને મોકલી આપ્યો હતો. છતાં કેટલીક શાળામાં શિક્ષણ કાર્ય શરૂ હોવાની ફરિયાદો મળી હતી જેના આધારે અમે ૧૦ જેટલી ખાનગી શાળાને નોટિસ ફટકારી ખુલાસો માગ્યો છે ત્યારબાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# આંતરરાજ્ય ચોરી કરતો રીઢો તસ્કર રાજકોટમાં ઝડપાયોઃ રૂા.૫.30 લાખનો મુદ્દામાલ કબ્જો

## ત્રણ વાર પાસામાં જેલમાં ગયેલા તસ્કરે જુનાગઢ અમદાવાદ, સુરતમાં ચોરીને અંજામ આપ્યો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-જૂનાગઢમાં ૨૫ ચોરીમાં પકડાયેલ રીઢા તસ્કરને ડીસીબીની ટીમે દબોચી લઈ જુનાગઢ, અમદાવાદ અને સુરતના ત્રણ ગુનાના ભેદ ઉકેલી નાખી તેની પાસેથી ૫.30 લાખનો મુદામાલ કબજે કર્યો છે.





રાજકોટ ડીસીબી પીઆઈ એમ એલ ડામોર અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન સ્ટાફને મળેલી માહિતી આધારે કોઠારિયા સોલ્વન્ટ ગુલાબનગરમાં રહેતા કુખ્યાત અને રીઢા તસ્કર એવા પ્રદીપ ઉર્ફે પદીયો કાળુભાઈ પઢીયાર ઉ.૨૩ને દબોચી લઈ પૂછતાછ કરત પોતે સુરતના પુણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી કર્યાની, ૧૫થી ૨૦ દિવસ પૂર્વે જુનાગઢ પોલસ્ટાર એપાર્ટમેન્ટમાં તાળું તોડી ચોરી કર્યાની અને અમદાવાદના રાયપુરમાં ૫ દિવસ પૂર્વે એપાર્ટમેન્ટમાં પાંચમાં અને છઠ્ઠા માળેથી ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે તેની પાસેથી સોનાની બુટી, વીટી, ચેઈન, મંગળસૂત્ર, પેન્ડલ, ઝુમર, નખલી, બાલી સહીત ૨૫ દાગીના, ચાંદીની કંકાવટી, ઝાંઝરી, પાયલ, કંદોરો, કડલી પગની માછલી સહીત ૯ દાગીના રોકડા ૮૫૦૦, અને ૨૮ હજારના બે મોબાઈલ સહીત ૫,૩૦,૦૭૫ રૂપિયાનો મુદામાલ કબજે કર્યો હતો રાજકોટમાં રહેતો પ્રદીપ ઉર્ફે પદીયો રીઢો હિસ્ટ્રીશીટર છે તેણે ૨૦૧૮થી ગુનાખોરીનો માર્ગ અપનાવ્યો હતો અને મોટાભાગે ચોરીના ગુનાઓને જ અંજામ આપ્યો છે તે અત્યાર સુધીમાં રાજકોટ, ગોંડલ અને જુનાગઢમાં ચોરી અને જુગારના ૨૫ ગુનામાં પકડાઈ ચુક્યો છે તેમજ ત્રણ વખત પાસા તળે જેલયાત્રા પણ કરી ચુક્યો છે.

# પારડી ગામે વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગતા રાહદારી માતા-પુત્ર દાઝ્યા

- શાપરના પારડી ગામે તંત્રની બેદરકારીથી આઠ માસમાં બીજો બનાવ બનતા લોકોમાં રોષ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઈવે ઉપર શાપરના પારડી ગામે વીજ તંત્રની બેદરકારીથી આઠ માસમાં આગનો બીજો બનાવ બનવા પામ્યો છે પારડીમાં શીતળા માતાજીના મંદિર પાસે સવારે વીજ ટ્રાન્સફોર્મરમાં ધડાકાભેર આગ ભભૂકી ઉઠતા અહીંથી પસાર થતા માતા-પૂત્ર સહીત ત્રણ દાઝી જતા માં-દીકરાને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા આઠ માસ પૂર્વે પણ આ ટ્રાન્સફોર્મરમાં આગ લાગી ત્યારે પણ ત્રણ લોકો દાઝી ગયા હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું.



પ્રાપ્ત વિગતો મુંબ પારડી ગામે શીતળા માતાજીના મંદિર પાસે આવેલ વીજ ટ્રાન્સફોર્મરમાં બપોરે ધડાકાભેર આગ ભભૂકી ઉઠતા અહીંથી પગપાળા જઈ રહેલા મૂળ બિહારના હાલ રીબડા ખાતે રહેતા બેબીબેન સરમણભાઈ ગીરી ઉ.30 અને તેના પૂત્ર યશ ગીરી ઉ.30 આગની લપેટમાં આવી જતા ગંભીર રીતે દાઝી ગયા હતા આ ઉપરાંત અન્ય એક રાહદારી વ્યક્તિ પણ દાઝી ગયો હતો માતા-પુત્રને ગંભીર હાલતમાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જયારે અન્ય ઈજાગ્રસ્તને શાપરમાં સારવાર આપવામાં આવી હતી આઠ માસ પૂર્વે પણ આ જ સ્થળે આ જ પ્રકારે આગ લાગી હોવાનું અને ત્યારે પણ ત્રણ લોકો દાઝ્યા હોવાનું અને હવે ફરી પીજીવીસીએલ તંત્રની બેદરકારીથી એ જ ઘટનાનું પુનરાવર્તન થયું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# માધાપર ચોકડી પાસે ટ્રાન્સપોર્ટની ઓફિસમાં કર્મચારીએ કર્યો રૂા.૮.૩૯ લાખનો હાથફેરો

## ગણતરીની કલાકોમાં કર્મચારીને દબોચી લઈ ભેદ ઉકેલી નાખતી પોલીસ


**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં માધાપર ચોકડી પાસે આવેલ ટ્રાન્સપોર્ટમાં બેંકમાં ભરવા માટે રાખેલા ૮.૩૯ લાખ રૂપિયા શટર કે તિજોરી તોડ્યા વિના ચાવીથી ખોલીને ચોરી લીધાની મેનેજરએ ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે ગણતરીની કલાકોમાં જ ઘરના ઘાતકી એવા કર્મચારીને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.




રાજકોટની માધાપર ચોકડી પાસે વર્ધમાન કોમ્પ્લેક્ષમાં રહેતા અને ઘર નજીક વોરા સોસાયટી સામે આવેલ જય મુરલીધર ટ્રાન્સપોર્ટમાં મેનેજર તરીકે છ વર્ષથી ફરજ બજાવતા પ્રકાશભાઈ ચંદુભાઈ જોગિયા ઉ.૩૮એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત રાત્રે હું સાડા આઠે મારૂ કામ પૂરું કરીને ઘરે જતો રહ્યો હતો બાદમાં સુપરવાઈઝર દીપભાઈએ શટરને એક બાજુથી લોક કરેલ હતું તેનો ફોટો પાડી ગ્રુપમાં શેર કર્યો હતો સવારે ઓફિસે જવા નીકળ્યો ત્યારે એમેઝોનના એમ્પ્લોય જીતુભાઈએ ફોન કરી બેંકવાળા રૂપિયા લેવા આવ્યા છે પણ તિજોરીમાં રાખેલા ૮.૩૯ લાખ રૂપિયા નથી તમે કોઈને આપ્યા હતા તેમ પૂછતાં મેં કોઈને આપેલ નથી તેમ કહી હું ઓફિસે પહોચ્યો હતો તિજોરી ખોલવા માટે ચાવી અને એક પાસવર્ડ નાખવો પડે છે તે પછી જ તિજોરી ખુલતી હોય માલિક હરેશભાઈડાંગરને જાણ કરતા તે પણ આવી ગયા હતા અને ફરિયાદ નોંધાવી હતી બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ ખોડુભા કરપડા અને સ્ટાફ તાકીદે દોડી ગયો હતો અને સીસીટીવી આધારે તપાસ હાથ ધરી ચોરીને અંજામ આપનાર ઘરના જ ઘાતકી એવા કર્મચારીને દબોચી લઈ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# મવડી પાસે વાહન ચોરી કરતો શખ્સ ઝડપાયો



રાજકોટ શહેરમાં થતી વાહન ચોરી, ચીલઝડપ, લૂંટ, અને ઘરફોડ ચોરી સહિતના અનડિટેકટ ગુનાઓના ભેદ ઉકેલવા માટે આરોપીઓને પકડી પાડવા ક્રાઈમબ્રાન્ચની ટીમ સક્રિય હતી ત્યારે એક ચોરાઉ વાહન સાથે મવડી વિસ્તારના શખ્સને ઝડપી લીધો હતો. આ આરોપી અગાઉ પાંચ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. ક્રાઈમબ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મવડી વિસ્તારમાં આવેલી પંચનાથ સોસાયટીમાં રહેતા અને ટીફીનનું કામકાજ કરતા પ્રફુલ ભરતભાઈ કુબેર નામના શખ્સને અટકાવ્યો હતો. ત્યાર બાદ તેમની પાસેથી વાહનના કાગળો માંગતા તેમણે કાગળો આપવા મામલે ગલ્લાતલ્લા કર્યા હતા. અને તેમની પાસે કાગળોના હોય જેથી તેમની પાસેથી અડધા લાખનુ બાઈક શક પડતી મિલ્કતના આધારે જપ્ત કર્યુ હતુ.

# શહેરમાં અનેક લોકો પાસેથી યાત્રાના નામે લાખોની રકમ પડાવનાર કથાકાર ઝડપાયો



રાજકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરીને બે વર્ષથી નાસતા ફરતા શખ્સને બોટાદ કઈઈ પોલીસે શહેરનાં લાતી બજારની પાછળના વિસ્તારમાંથી ધરપકડ કરી આગળની કાર્યવાહી કરી હતી આરોપીએ તીર્થધામે ચાત્રા કરાવવાની લાલચ આપી લોકો પાસેથી નાણા ઉઘરાવ્યા હતા.બોટાદ શહેરનાં લાતી બજારની પાછળ રહેતા અજીત ઉર્ફે પ્રભુજી બળવંતભાઈ ચૌહાણે બે વર્ષ પહેલા રાજકોટ પંથકમાં અનેક લોકોની સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે બાબતે રાજકોટ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસ ઘાતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો અને આરોપી નાસતો ફરતો હતો. બોટાદ કઈઈ પોલીસને બાતમી મળેલ કે અજીત ઉર્ફે પ્રભુજી બળવંતભાઈ ચૌહાણ જે છેતરપિંડી ના ગુન્હામાં બે વર્ષથી નાસતા ફરે છે જે હાલ તે બોટાદના લાતી બજાર પાછળ તેના ઘરે છે. જેથી બોટાદ કઈઈ પીઆઈએ જી સોલંકીએ તેમના સ્ટાફને સુચના આપતા કઈઈ પોલીસ લાતી બજાર પાછળ રહેતા અજીત ઉર્ફે પ્રભુજી બળવંતભાઈ ચૌહાણની છે. તેના ઘરેથી ધરપકડ કરેલ અને વધુ તપાસ હાથ ધરી હતી આરોપીએ અગાઉ ફરિદ્વારની ચાત્રાના નામે ૪હજાર મહિલા સાથે નાણા ઉઘરાવી લાખો રૂપિયાની ઠગાઈ કરી હતી. આરોપી પોતે કથાકાર હોવાનું પોલીસ સુત્રો માંથી જાણવા મળ્યુ

# અમરેલીની મહિલા સહિત ત્રણ લોકોના શ્વાસ થંભી જતા મોત

## શાપર ફેક્ટરીમાં વિએનસી ઓપરેટરનું હાર્ટએટેકથી અને દિવાનપરામાં યુવાન વેપારીએ ઢળી પડ્યા બાદ હોસ્પિટલમાં દમ તોડી દીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં અમરેલીના મહિલા સહીત ચાર લોકોના હાર્ટએટેકથી મોત નીપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અમરેલીમાં હનુમાનપરા ગુણાતીતનગરમાં રહેતાં દિપાલીબેન ગિરીશભાઈ ભખવાડિયા ઉ.૪૦ નામની મહિલા ગત બપોરે થરે બેભાન થઈ જતાં તાકીદે અમરેલી સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં પરંતુ ફરજ પરનાં તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી દિપાલીબેનને હાર્ટ એટેક આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું પતિનું અગાઉ અવસાન થયું હોય અને સંતાન ન હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું જયારે રાજકોટની બાબરીયા કોલોનીમાં રહેતાં ભાવનાબેન રતુભારતી ગૌસ્વામી ઉ.૫૦ નામનાં મહિલા ગઈકાલે માંડાડુંગરમાં ગોકુળ પાર્કમાં રહેતા જમાઈ અલ્પેશભાઈના ઘરે ગત રવિવારથી રોકાવવા ગયાં હતાં ગત રાત્રે હૃદયરોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ અંહી તબીબે મૃત જાહેર કર્યા હતા સંતાનમાં બે દિકરી અને એક દિકરો હોવાનું જાણવા મળ્યું છે આ ઉપરાંત ભૂપેન્દ્રરોડ દિવાનપરામાં રહેતાં તુષારભાઈ અશ્વિનભાઈ ગોરસિયા ઉ.૪૬ નામના વેપારી સવારે ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા જ્યાં દમ તોડી દિધો હતો મૃતક તુષારભાઈ ટ્રાવેલ્સ એજન્ટનું કામ કરતાં હતાં.

સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે જયારે ગાંધીગ્રામ અંજલિ પાર્કમાં રહેતા ઉમેશભાઈ વિરજીભાઈ રાવત ઉ.૪૮ શાપર ફેકટરીમાં વીએનસી ઓપરેટર નોકરી પર હતા ત્યારે રાત્રે બાથરૂમ પાસે બેભાન થઈ ઢળી પતા રાજકોટ સિવિલમાં ખસેડાતા મૃત જાહેર કરાયા હતા યુવકના મોતથી એક પૂત્ર અને એક પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# પત્રકારના લાડકવાયા પુત્રને ડેંગ્યુ ભરખી ગયો

- ૨૧ વર્ષીય યુવાને ચાર દિવસની સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને દમ તોડતા પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં રોગચાળાએ માથુ ઉચક્યુ હોય તેમ દરરોજ રોગચાળાથી અનેક માનવ જીંદગી કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે. ત્યારે રાજકોટમાં સીટીન્યુઝના સિનિયર પત્રકારના ૨૧ વર્ષનાપુત્રનું ડેંગ્યુની બિમારી સબબ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે કરુણ કલ્પાંત સર્જાયો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આજીડેમ ચોકડી પાસે આવેલા શ્રીરામપાર્કમાં રહેતા અને સીટીન્યુઝમાં સિનિયર પત્રકાર તરીકે ફરજ બજાવતા લલીતભાઈ વ્યાસના પુત્ર અમન લલીતભાઈ વ્યાસ ઉ.વ.૨૧ને



ડેન્ગ્યુની બિમારી સબબ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનીસારવાર કારગત નિવડે તે પૂર્વે જ યુવાને હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પુછપરછમાં મૃતક અમન વ્યાસના પિતા લલીતભાઈ વ્યાસ સીટીન્યુઝમાં સિનિયર પત્રકાર તરીકે ફરજ બજાવે છે અને મૃતક અમન બે ભાઈ એક બહેનમાં મોટો હતો. યુવાન પુત્રના મોતથી વ્યાસ પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નવાગામમાં કપડાં ધોતી પરિણીતાનો પગ લપસી જતા તળાવમાં ડૂબી જતાં મોત

શહેરની ભાગોળે આવેલા – નવાગામમાં રહેતી પરિણીતા તળાવના કાંઠે કપડાં ધોતી હતી ત્યારે અકસ્માતે પગ લપસતા તળાવમાં પટકાઈ હતી. પરિણીતાનું ડૂબી જવાથી મોત નીપજતા પરિવારમાં – ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના નવાગામમાં રહેતી હેતલબેન ધનજીભાઈ સુમારખાણીયા નામની ૩૫ વર્ષની – પરિણીતા બપોરના ચારેક વાગ્યાના – અરસામાં નવાગામમાં આવેલા – તળાવના કાંઠે કપડાં ધોતી હતી ત્યારે હેતલબેન સુમારખાણીયાનો પગ –લપસી જતા અકસ્માતે તળાવમાં પટકાઈ હતી. તળાવમાં પડી ગયેલા હેતલબેન સુમારખાણીયાનું ડૂબી – જવાથી મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં હેતલબેનને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે.

# કુબલીયાપરામાં ઘવાયેલા યુવાનનું સારવારમાં મોત

શહેરમાં ભાવનગર રોડ પર પન્ના–મચ્છી ચોકમાંથી ૨૪ દિવસ પહેલાં બેભાન હાલતમાં મળેલા યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં થોડા ભાનમાં આવ્યા બાદ તેની સાથે મારકૂટ થયાનું રટણ કર્યું હોય અને સારવાર દરમિયાન મોત નીપજતા થોરાળા પોલીસે યુવકના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી તપાસ કરતા યુવકનું દારૂ પીવાની કુટેવ હોય અને પાંચ વર્ષ પહેલાં તેના માતા–પિતા અને પત્ની, પુત્રને જામનગર છોડી રાજકોટમાં રખડતું જીવન જીવતો હોય તેમજ ફોરેન્સિક રિપોર્ટમાં પણ યુવકના લિવર અને કિડની ફેલ થઈ જતા આ બનાવ બન્યાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ તા.૨૦–૧૦ના રોજ કુબલિયાપરામાં યુવક બેભાન હાલતમાં પડ્યો હોય સેવાભાવી ફિરોઝભાઈએ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાદમાં થોડા ભાનમાં આવ્યા બાદ તે યુવકે તેનું નામ ક્રિષ્ના માનસીંગભાઈ છત્રી (ઉ.૨૫) હોવાનું અને કુબલિયાપરામાં રખડતું જીવન જીવતો હોવાનું જણાવ્યું હતું તે બીમાર જેવો લાગતો હોય તબીબી સારવાર બાદ ભાનમાં આવતા તેને કોઈ શખ્સોએ મારકૂટ કર્યાનું રટણ કરતા સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતા થોરાળા પોલીસે તપાસ હાથ ધરી હતી.